**જન્માષ્ટમીએ જુગાર...આપણા ભકિતભાવનું કે'વું પડે...બ્રહ્મા-વિષ્ણુ-મહેશ આપણા માટે તીન એક્કા!**

# કો'ક દી' ભૂલો પડજે કાના...તીન પત્તી રમવા!

### બ્રહ્મા-વિષ્ણુ-મહેશ એટલે તીન એક્કા!

તંત્રી શ્રી,

શિવજીની સાધનાનો શ્રાવણમાસ ચાલી રહ્યો છે. કૃષ્ણનો જન્મદિન આવી રહ્યો છે. ધર્મ અને અધ્યાત્મની દ્રષ્ટિએ આ દિવ્ય દિવસોમાં આપણે જુગાર ખેલીએ છીએ! કહેવાતા ધાર્મિક સ્ત્રી-પુરૂષો ઘેરઘેર ખાટલા માંડીને પત્તાની સાધના કરે છે. હારે છે, જીતે છે અને ઘણાં મહાભારત પણ સર્જે છે. જન્માષ્ટમીએ જુગાર ખેલવાની પરંપરા વર્ષોથી ચાલે છે, પરંતુ આપણા આદરણીય, વંદનીય પ.પૂ.ઘુ.ઘૂ.ઓ કયારેય આ અંગે ભકતોને ટપારતા નથી. એવું પણ સાંભળવા મળે છે કે, ભકતો તો નાના જુગારીઓ છે, કહેવાતા સાધુ-મહાત્માઓ મોટો 'ખેલ' ખેલતા હોય છે. નાની-નાની બાબતોમાં આપણી ધાર્મિક લાગણીઓ દુભાઇ જતી હોય છે, પરંતુ આપણે ખુદ જ ધર્મના નામે જુગાર ખેલીને તેનું અપમાન વર્ષોથી કરીએ છીએ, તે શોભે છે? કમાલ તો એ છે કે, જન્માષ્ટમીએ જુગાર રમતા-રમતા રાત્રીના ૧૨ વાગે ત્યારે ભગવાનનો જન્મ વધાવવા મંદિરે દર્શન માટે દોડીએ છીએ! દર્શન કરીને ફરીથી પત્તા...આપણા ભજનમાં કાનાને કાઠિયાવાડમાં ભૂલા પડવાનું આમંત્રણ અપાયું છે, જો ભૂલથી પણ કાનો આ બાજુ આવી જાય તો તેને આપણે ભકિતભાવથી જુગાર રમવા બેસાડી દઈએ!

જન્માષ્ટમી પર્વએ આપણને તીન એક્કામાં જ બ્રહ્મા-વિષ્ણુ-મહેશના દર્શન થઇ જાય છે!

- શરદ સોલંકી

### ગઝલ

ઉપર નીચે ને ચોતરફ અવકાશ છે
એક પડછાયાને થોડા શ્વાસ છે
વિજ ઝબકારો થતાં જાણી લઈશ;
કેવો મેં પહેરી લીધો લિબાસ છે;
લે 'અહમ' મેં નામ તારું લઈ લીધું;
સંતો કહે છે નામ એનો નાશ છે,
સ્થિર દૃષ્ટિમાં નથી જુદા પણું,
પણ મનને દોરડામાં સાપનો આભાસ છે..
આકાશ ને આકાશમાં કયાં ભેદ છે;
ઘટ ફટયાનો માટીમાં ઉલ્લાસ છે.

- વૃજલાલ રૂપાણી (પોરબંદર)

### શિવ

સાવન કી રણભેરી... **બમ્ - બમ્ લ્હેરી.**
ગૂંજ ઉઠી શિવલ્હેરી... **બમ્ - બમ્ લ્હેરી.**
ભરમાયેલાં જીવ-શિવની આંખોને ઢંઢોળી,
ફૂલ-ફૂલમાં તમે વિખેરી.. **બમ્ - બમ્ લ્હેરી.**
કાળ સીમાને અતિક્રમીને ઘટ-ઘટ વિચરી,
આભ નીરખતી આંખ અનેરી.. **બમ્ - બમ્ લ્હેરી.**
ભાષાની ભીંતોને નિરખી ખુલ્લી બારી કીધી,
ખાલીપાની ભરી કચેરી.. **બમ્ - બમ્ લ્હેરી.**
એક પલકમાં હુઇ પલાયન પીર હમેરી
નભથી ઉતરી ગંગા તેરી..**બમ્ - બમ્ લ્હેરી.**

- વિજય આશર (જામનગર)

### માતૃભૂમિનો પોકાર

પાકિસ્તાન પાકનથી છે નાપાક, તેને જલ્દીથી કરો ખાક
ઉઠો ઓ બ્રાહ્મણો બનો પરશુરામ, હવે મહાદેવે કરી છે હાક,
કરો પરશુ હાથે ધારણ, માતૃભૂમિને કાજ, પાક. ને કરો ખાક.
હે મહાબલી ક્ષત્રિયો જાગો, દેશ ને પડી છે જરૂર આજ
માં ભવાની રૂપ માતૃભૂમિએ કરી છે હાક, પાક. ને કરો ખાક.
ઉઠો ઓ ''જલિયાણ''ના સંતાનો વ્યપાર વાણિજય ઘણું કીધું
ના પાક દુશ્મનો ને કહી દો સીધું હવે તો
''રઘુવીરે'' કરી છે હાંક પાક. ને કરો જલ્દીથી ખાક
હે વિર આહિરો ખડગ ઉઠાવો, ગાંડીવની જેમ કરો રણહાંક
સમજો શ્રી કૃષ્ણએ કરી છે હાક, પાક.ને કરો જલ્દીથી ખાક.
હે ''સરદાર''ના વારસદારો, ધરતી માંથી ઘણું ઉગાડયું
હવે સમય થયો છે નાપાક દુશ્મન પર હળ ફેરવવાનો
''લોખંડી પુરુષે'' કરી છે હાક, પાક.ને કરો જલ્દીથી ખાક.
હે દુધમલા ગોવાળો, ગાયોનું જતન ઘણું કીધું
સમય થયો છે એ દુધ ની તાકાત બતાવવાનો
નાપાક દુશ્મનનું કાશળ કાઢવાનો ''ગીતા'' નો પણ
એ જ સાર છે કે ''નિર્દોષો ને હણે તેવા નાપાક આંતકીને
હણવામાં પાપ નથી'' 'ગોપાલે' કરી છે હાક, પાક.ને કરો ખાક.
હે અમ માતૃભૂમિ ના વિર સૈનિકો, જવાનો, વિરાંગનાઓ
ગર્વ છે અમને તમ પર, વિશ્વાસ છે તમ પર અટલ
કે સંપૂર્ણ સક્ષમ છો કાયર આતંકીઓનો ખાત્મો બોલાવવા
અને સૈન્ય સમર્થ છે ભારત પર ભરડો લેનારને નરક પહોંચાડવા
ઓ ભારતના સર્વ નર - નારીઓ બતાવી દો સમગ્ર વિશ્વને
''ભારત અજર - અમર છે અને હનુમંત હાંક છે ત્યાં સુધી રહેશે.
વિશ્વ માલિકે કરી છે હાક, પાક. ને જલ્દીથી કરો ખાક.
સર્વ જન સાથ મળીને, હાથ મિલાવીને દુશ્મનનું
કરીશું દમન તો જ ભારતખંડમાં રહેશે અમન
તૈયાર છે ''ક્રાંતિ'' બલિદાનની વેદી પર ચઢી જવા
જો દુશ્મનના થાય દાંત ખાટા, ભલે થાય ભવભવના આંટાં,
રક્ષા કરવા અમ માતૃભૂમિ ને કાજ હવે તો કરો
શ્રી ગણે ખૂદ ''ગજાનને'' કરી છે હાક
પાક. ને જલ્દીથી કરો ખાક.

- જીજ્ઞેશ દવે

### પછી...

ફૂલોને ડંખ થયા કૌટાના આકરાં,
નદીઓનાં નીર જાણે પથ્થરને કાંકરા,
તમારા ગયા પછી.....
દિલનો ઉમંગ મારો પલ્ટાયો દર્દ મહીં,
જીવ્યો હું આજ લગી, વિરહની આગ સરી,
તમારા ગયા પછી....
સવારે ઉઠીએ, જોયું તું મેં કદી ?
મિલનનું સ્વપ્ન, મને આવ્યું તું એક દિ,
તમારા ગયા પછી....
વિદાયની વેળાંએ, ખૂણો ભીનો થયો,
છબી જડાઈ ચિત્તમાં; દીવો ઘીનો થયો,
તમારા ગયા પછી...
પ્રાર્થનાનાં બોલ બે, લોકો બોલી ગયા,
વેદનાનાં દ્વારએ, મારા ખોલી ગયા.
તમારા ગયા પછી...
'નટવર' બન્યો, 'નાદાન', જિંદગીમાં એ પછી,
વગડો બન્યો વેરાન, જિંદગીમાં એ પછી
તમારા ગયા પછી....

- નટવર ટાંક, જુનાગઢ

### ૐ નમઃ શિવાય

**ૐ** કારા શિવ ૐ શિવ ૐ કારા, શિવ હૈ સબસે ન્યારા,
આવી શાહી સવારી પ્રાણ પ્યારાની, હર જીવ સજે શિંગારા.
**ન**મન કરો, વંદન કરો શિવ શિવ રટણ કરો, પ્યારા,
શ્રાવણે નાચે, ઉર અપારા, શિવમય બને સકળ સંસારા.
**મ**ન બુધ્ધિ, ચિત હરનારા, માયા મમતા હણનારા,
ભવ-સાગર, પાર ઉતારા, તારણ હારા, શિવ મંગલહારા.
**શિ**ર પર જટા, જટામે ગંગા, તન પર શશી ડોલે,
ખાય ભંગા, અદભૂત રંગા, ઉમા સંગા મન મોહે.
**વા**ઘ ચર્મધારી, ત્રિશુલભારી, ત્રિપુરારી, મહાસુખકારી,
તેરી લીલા ન્યારી, ભસ્મકારી, ભુજંગ ધારી, તેરી બલિહારી.
**ય**મનો માર ધાર ધાર, તોય ભાન ન લગાર, અર્પે દુઃખ અપાર,
હે શિવ શંકર આવ્યો તારે દ્વાર, તું ઉગાર તાર તાર.

- ઘનશ્યામ ઠક્કર,રાજકોટ

### ખેતીને પ્રોત્સાહન આપો

તંત્રીશ્રી,

આપણા સમગ્ર દેશમાં ખેતીને, ખેડૂતને મહત્તમ પ્રોત્સાહન તમામ રાજય સરકારો, કેન્દ્ર સરકાર આપે. કુદરતી ખેતીને અતિ જુના સ્થાનીક દેશી બીયારણ ખેડૂતોને નજીવા ભાવે આપો. ગામડે ગામડે દરેક ખેડૂતોને સોલાર સુનણી યંત્ર, ગોબર ગેસ પ્લાંટ આપો. કોઈપણ સંજોગોમાં ખેતીની જમીનને બીન ખેતીમાં ન ફેરવો. વિદેશોની જેમ કડક કાયદા ઘડી ખેડૂતની ખેતીની જમીનને બીન ખેતીમાં ફરેવતા રોકો. ખેતીની જમીનમાં ફળદુપના કુદરતી રીતે જ વધે તેવા પ્રયત્નો કરો.

- જયસુખભાઇ

### રાષ્ટ્રહિતને મહત્વ આપો, પાર્ટીહિતને નહિ

તંત્રીશ્રી.

માનવી ઉપર કુદરતી આફત આવે ત્યારે બેબાકડો બની જાય છે. ગઈકાલે સુધી આપણે સુકા દુષ્કાળ ની ભીતી સેવતા હતા તે આજ પરિસ્થિતિ પલ્ટી ગઈ છે ને હવે લીલો દુષ્કાળ પડશે એવા એંધાણ વરતાય રહ્યા છે.

આપણે આઝાદ થયાનાં ૬ દાયકા પછી પણ અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિ સામે કોઈજ વિકલ્પો શોધ્યા નથી કૃષીપ્રધાન કૃષિ તો ઠીક પણ ૧૧૫ કરોડની માનવ સંખ્યાને પુરૂ સ્વરછ સમયસર પાણી પીવા માટે પણ પુરૂ પહોચાડી નથી શકયા.

કુદરત છપ્પરફાડીને પાણી આપેતો ભારતનો કૃષિકાર મહેનત કશ છે.સોનુ પકાવીને સરકારી તિજોરી ભરી આપે તેવી કૃષિ વિષયક સીધી અને આડકતરી આવક છે. પરંતુ પાણી વિનાની પહેલે થી જ ભારતના ભમણે લખાયેલી સતાધીશોની તકવાદી ટીમે ૧૯૬૨માં ખાતમુહુત કરેલો નર્મદા ડેમ આજ અડધી સદી પછી પણ તે પ્લાન મુજબ ઉચાઈ એ બાંધકામ પહોંચાડી ને રાષ્ટ્રને અર્પણ કરી શકયા નથી. આવી તો અનેક રાષ્ટ્રીય વિકાસની યોજના પુરતા ભંડોળ હોવા છતાં ઈચ્છાશકિત ના અભાવથી ટલ્લે ચડી ગઈ છે.

હાલના સંજોગો માં અતિવૃષ્ટિ ના કારણે રવિપાર્ક ફેઈલ થયો છે તે વિસ્તાર માં ઈશ્વરકૃપાથી પુષ્કળપાણી છે. ડેમો,ચેકડેમો,અને ખેતતલાવડા,બોર અને કુવાઓ પાણીથી ઉભરાય છે તેથી ખેતીની બીજી મોસમ શિયાળુ વાવેતર દ્વારા મહેનત કશ પ્રજા પુષ્કળ પાક મેળવી શકશે તે અતિવૃષ્ટિનું નુકસાન સરભર કરી ને લીલા દુષ્કાળ માંથી ઉગરી શકે તેમ છે. પરંતુ...

દ્રષ્ટિહીન સ્વાર્થી રાજસતાઓના કારણે વિજળીનો અભાવ રહે છે ને ખેડુત છતા પાણીએ વાવેતર કરી શકતો નથી, જો સરકાર ઈચ્છે તો.. વિજળીની અવેજીમાં ડીઝલ એન્જીનનો ઉપયોગ કરીને પરીણામ મેળવી શકાય તેમ છે પરંતુ સરકાર જે ટેક્ષ ડીઝલ ઉપર વસુલ કરે છે તે ફકત છ માસ માટે ખેડુત પુરતો જથ્થો કરમુકત કરી નાખે તો વિજળીની ખોટ સરભર કરી શકાય છે. પણ.. આપણી કમનશીબી એ છે કે અહીંયા લેવાતા દરેક નિર્ણય રાષ્ટ્રહીત ને નહીં પાર્ટીહીતને ધ્યાનમાં રાખીને લેવાય છે.

- વંદના કાવઠિયા(રાજકોટ)

### મોકળુ મેદાન...ઉઠાવો કલમ

**પ્રિય વાચક મિત્રો,**

**''મોકળુ મેદાન'' વિભાગ દર ગુરૂવારે પ્રકાશિત થાય છે. જેમાં આપનાં મંતવ્યો, પ્રશ્નો તથા સ્વરચિત કાવ્યકૃતિઓ, હાઇકુ, લઘુકથાઓ અને કાર્ટૂનો પ્રસિદ્ધ કરવામાં આવે છે. આપના અભિપ્રાય, પ્રશ્નો, કૃતિઓ પોસ્ટકાર્ડ પર પણ મોકલી શકાય છે... ઉઠાવો કલમ**

**: સરનામૂ :**
**અકિલા દૈનિક**
**મોટી ટાંકી ચોક, સદર, રાજકોટ**

### રાજકોટના પ્રશ્નો

તંત્રીશ્રી,

વર્તમાન પત્રોમાં રાજકોટ શહેરના ટ્રાફિક પ્લાનીંગ માટે એશિયન ડેવલોપમેન્ટ બેંક દ્વારા રૂા.૧.૭૫ કરોડની સહાયની અને તે માટે ફીલીપાઈન્સની ટીમ રાજકોટ આવશે તેવા અહેવાલો છે. રાજકોટના ટ્રાફિક અંગે મારો અમદાવાદમાં ૩૬ વર્ષ રહ્યા પછીનો અનુભવ જણાવું તો ચાર રસ્તા ઉપર સફેદ યુનિફોર્મમાં સજ્જ ટ્રાફિક પોલીસો માત્ર શોભાના ગાંઠિયા જ છે બે-ત્રણ પોલીસવાળાઓ વચ્ચે ઉભા રહીને માત્ર વાતોના વડા જ કરતા હોય છે ગમે તે દિશામાંથી ગમે તે વાહન આવે જાય સ્થિત પ્રક્ષની માફક ઉભા રહે કોઈ વાહન ચાલક આડો હાથ રાખ્યો હોય છતા જતો રશહે તો પણ ઉભા ઉભા જોયા કરે. આવું અમદાવાદમાં થાય તો એ વાહન ચાલકની પાછળ બીજુ વાહન લઈ તેને રોકે અને દંડ વસુલીલે.

રાજકોટના વાહન ચાલકો ટ્રાફિક ભંગ કરવામાં ગૌરવ અનુભવતા હોય તેવુ લાગે છે વન-વે માંજ નહી પણ ફુટપાથ ઉપર વનવે માં આરામથી સ્કુટર ચલાવે છે અમદાવાદ-વડોદરા જેવા શિસ્તબધ શહેરમાં હેલ્મેટ વગર નીકળવામાં ભય લાગે છે ગમે ત્યારે ગમે તેવા ચમરબંધીને રોકીને દંડ વસુલી લેવાય છે જયારે રાજકોટમાં તો હેલમેટના કાયદા વિરૂદ્ધ આંદોલન કરનારા વિરલાઓ હીરો તરીકે જાણીતા થાય છે!

પાણીની તંગી આઝાદી પછી ૬૦ વર્ષે ઉભી જ છે લાઈટ-રહેઠાણની ગમે ત્યારે ચાલી જાય છે. આવુ અમદાવાદ-વડોદરામાં નથી રોજ ૧૫ કલાક સવારે પાણી અપાય છે પાણી વેચાતુ મળી શકે છે એવી જાણ આ શહેરના લોકોને નથી!

નાની નાની બાબતોમાં રાજકારણીઓની દખલગીરીથી પોલીસો અને અન્ય સરકારી નોકરો પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક નીભાવી શકતા નથી કાયદાનો ભંગ કરવામાં રાજકીય-સામાજિક આગેવાનો ગૌરવ અનુભવે છે! સૌરાષ્ટ્ર ગુજરાતના મોટા શહેરોથી શહેરી સુવિધામાં ૨૦ વર્ષ પાછળ છે કોઈ ગુનાની કડક સજા કરાતી જ નથી છાશવારે મ્યુ.કોર્પોરેશનના હજારો-લાખો રૂપીયાના કોન્ટ્રાકટના કૌભાંડો બહાર આવે છે પણ કોઈ કડક પગલા લેવાતા નથી એટલે કૌભાંડકારો ડરતો જ નથી!

સરવાળે તો પ્રજાને જ સહન કરવુ પડે છે! અને કાયદાથી પર છે એવી મનોદશામાં રાચતા લોકનેતાઓ જો સુધરશે નહી તો પ્રજાએ ભગવાનભરોસે રહેવુ પડશે પોલીસ જો કડક પગલા લેવા શું કરે તો કોઈ બેંક કે સલાહકાર વગર બધુ બરાબર થઈ જાય તેમ છે.

- અશોક તન્ના (રાજકોટ)

### શંકરાચાર્યજીએ કરવા જેવું કામ

**તંત્રીશ્રી,**

૨૦મી સદીના અંતિમ વર્ષોમાં દોઢ અબજ કેથોલીકોના ધર્મગુરુ પોપ વેટીકન સીટીમાંથી અધિકૃત રીતે ૧૩ મી સદીના ૧૭૨ વર્ષ ખ્રીસ્તીઓ અને મુસ્લીમો વચ્ચે ચાલેલા ધર્મયુધ્ધ અંગે મુસ્લીમોની માફી માંગી શકે.

૨૧ મી સદીમાં ડો. બાબા સાહેબ આંબેડકર દ્વારા ભુતકાળમાં કરાયેલ નાસીકના કાલારામ મંદિરમાં પ્રવેશ અંગે કરાયેલ સત્યાગ્રહ અને દલીતો ઉપર થયેલા હુમલાઓ અંગે તત્કાલીન પુજારીઓના વંશજો દલીતોની હાલ માફી માંગી શકે.

તો આ બન્ને બાબતોને જોતાં તે ધ્યાનમાં લેવું ઘટે કે, દલીતોમાં અલ્પાંશે ફેલાયેલ બળવાની ચીંગારી હિન્દુ ધર્મમાં ભયાનક આંતરિક આગનું સ્વરૂપ ધારણ કરે એ પહેલા જગતગુરૂ શંકરાચાર્યએ અસ્પૃશ્યતા અંગે સમજી દલીત સમાજની માફી માંગવાનો સમય આવી ગયો હોય એવું પ્રતિક નથી થતું શું?

અન્યથા રાજારામ મોહનરાય, દયાનંદ સરસ્વતી, રામકૃષ્ણ પરમહંસની તમામ મહેનત એળે જાય એવો સમય આવી રહ્યો હોય તેવું પ્રતિત થઈ રહ્યું છે, ધર્મ પરિવર્તન તો કાયદાથી રોકી શકાશે, પરંતુ શ્રધ્ધા પરિવર્તન કાયદાથી રોકી શકાશે ખરું? એ વિચારવાનો પ્રશ્ન સૌ ચિંતકોએ પાકી ગયો છે.

- વિજય ખીમસુરીયા

### મહત્વની સેવાઓ અંગે

**તંત્રીશ્રી,**

તમામ રાજય સરકારો, કેન્દ્ર સરકારે, નગરપાલીકા, મહાનગર પાલીકા વિ. એ પાણી વિતરણ, વિજળી જેવી મહત્વની તમામ બાબતો પોતાના જ હસ્તક રાખવી જ જોઈએ. પાણીનું કે તેના જેવી અતિ આવશ્યક, તમામ બાબતોનો સંપૂર્ણ વહીવટ સરકાર દ્વારા જ થાય તે પ્રજાના હિતમાં છે. પાણી ઉપર ભારત ભરમાં કયાંય પણ મીટર મુકવામાં નજ આવે તથા પાણી વિતરણ ત થા પાણીનું ખાનગી કરણ કયારેય દેશ, વિદેશી કંપનીને સોંપવું જોઈએ નહિં. પાણી જ અને તેના જેવી બધી જ આવશ્યક સેવાઓ સરકારના નિયંત્રણમાં રહે તે જરૂરી છે.

- કનૈયાલાલ

### આજીવન સજા

યુવાનીના ઊંબરે,
પ્રેમના ફાગ ખેલી લીધા,
નસીબે લખ્યા ખેલ,
કાચી વયે ખેલી લીધા !
પ્રેમ મારગે, મળતા નિષ્ફળતા,
લગ્નની કેડી શોધી લીધી,
આનંદમાં આવેલ ઓટને,
સહર્ષ સ્વીકારી લીધી
કુદરતની છે કેવી કરામત !
સમય પહેલાં ખેલાવે ખેલ,
ફૂલ ખીલવી સવારમાં,
સાંજે કરમાવે બાગમાં.
જિંદગી જીવવાની છે,
ધરતાં રહી આવી વાત ધ્યાને,
ભૂલવાનાં છે દુઃખ દર્દ,
પશ્ચાતાપના સહારે
જીવનની એક, નાનકડી ભૂલ,
અપાવે આજીવન સજા,
સમય પારખી ને જીવતા,
જીવનમાં રહેશે કાયમ મજા !

- ધીરૂભાઇ કક્કડ (રાજકોટ)

### ના થયા...

પીધા ઘૂંટ વિષના તોય ના શંકર થયા !
મેળવી સફળતા તોય ના સિકંદર થયા !
સમાવી કેટલી સરિતાને વિશાળતા રાખી,
ના ઊભરાયા તોયના સમંદર થયા !
પામ્યા પ્રસિદ્ધિ સઘળું સમર્પિત કરી,
ઓગાળી જાતને તોયના ધુરંધર થયા !
પ્રસારી સુવાસ કરી કર્મ માનવતાના,
મહેકાવ્યું જગતને તોયના અત્તર થયા !
કરિશ્મા એટલો કે જગઆખું અંજાઇ જતું,
વસ્યા જન માનસે તોયના પુરંદર થયા !
સલામી ભરે છે આજ હસ્તિ અનેક,
રહ્યા શીશ નમાવી તોયના બળવત્તર થયા !

- ચૈતન્ય જોષી (જામખંભાળિયા)

### છલક - મલક

નદી, તળાવ, ડેમો પણ કેવા છલકાય છે,
માણસો પણ મનોમન કેવા મલકાય છે.
વૃક્ષો, પર્ણો, માનવી પણ કેવા રાજી થયા,
પુષ્પ પણ ડાળી પર કેવુ મહેકાય છે.
કુદરતનો આ પણ કેવો કરિશ્મા છે,
દરિયો પણ કેવો આખેઆખો ઠલવાઈ છે.
બસ એટલી જ વાર લાગે વરસતા વરસાદને,
આભ પણ કેવું આખે આખુ ઠલવાઈ છે.
'પાગલ' તારી લીલા તોઅપરંપાર છે,
નામ, શહેર, નગરો પણ જળબંબાકાર થાય છે.

- ઉપેન્દ્ર જેઠવા (જામજોધપુર)

### જુદાઇ

મેરા હરા ભરા ઘર થા, મેરે સજના બડા સુંદર થા
મેરે બચ્ચે બહોત હી પ્યારે થે ઔર હમારે રાજ દુલારે થે
હમારે જીવનમેં એક ઐસી આંધી આઇ
જીસને હમારે ઘર મેં રહને નહીં દે પાઇ
યે સભી કારણો કી દોસી થી એક બાઇ
અબ હમારે ઘર મે પીને કે લીયે નહી રહી હૈ ચાય
હા સીર્ફ છોડકર ગઇ હૈ ચાર પાઇ
ઉસ બાઇને લગાઇ હૈ એસી મેરે ઘરમેં લાઇ
કી ઉસી કી અભી તક સુકને ન પાઇ હૈ શાહી
અબ મુઝે બતાઓ મેરે ભાઇમેં કયા કરુંઅકેલી બાઇ
રાતભર સોચ સોચ કે આંખ મેરી ભર આઇ
મેરે બચ્ચે કે લીએ મૈંને કયા કયા ઝુલમ ઉઠાઇ
રાત કો નીંદ નહીં આઇ
સોચ હી સોચ મૈં માલુમ નહીં કબ રાત આઇ કબ સુબહ આઇ
રડી હું ઐસે જૈસે મોત કો ગલે લગાઇ
અબ તો મેરા પીછા છોડો કરોના મેરી બૂરાઇ
એક ઐસી નાગીન આઇ ઉસને હી યે આગ લગાઇ
અબ કૌન કરેગા મુઝસે સગાઇ
દુનિયા મેં સભી લોગોં ને મુઝસે કી હૈ બેવફાઇ
સો રહી થી મૈં ચૈન સે માલૂમ નહી કિસને આકર કે જગાઇ
વાહ રે ખુદા દેખ લી તેરી ખુદાઇ
થોડા તો વિચાર કર ઓ બેરહેમ મૈં હૂ તેરી લુગાઇ
આજ સે હો ગઇ હૈ તેરી ઔર મેરી જીવન ભર કે લિયે જુદાઇ
યહ દુનિયા હૈ યહાં દિલ કા લગાના કિસકો આતા હૈ,
હજારો પ્યાર કરતે હૈ નીભાના કિસકો આતા હૈ ।

- લંઘા અલ્લારખા ઓસમાણ (લજાઇવાળા)

### માણસ

વેવાર વર્તને પરખાઇ માણસ,
દુઃખે રડે સુખમાં હરખાઇ માણસ.
એક હોય કે ન હોય બરાબર,
એક સંસ્મરણોમાં સચવાઇ માણસ.
પ્રેમની નજરથી જીવન જીવે તો,
માનવતાની મહેક બની પથરાઇ માણસ.
ન રૂપ રંગથી, ન કુળ વંશથી,
હાવ ભાવને સ્વભાવથી વરતાઇ માણસ.
વડ રૂપિ માનવ જાતને ઉભી રાખવા,
કંઇક કેટલાય બન્યા વડવાઇ માણસ.

- હરેશ સોંદરવા, પીપરડી

### દીકરી તો...

પુત્રીની લાલચમાં આજ, ભ્રૂણ હત્યા થાય છે,
પુત્રી કેરી મમતાના ગોદ, પ્રેમથી નંદવાય છે.
પુત્રનાં વહાલમાં જુઓ, આજ ઓટ વરતાય છે.
દિકરી તો છે વહાલનો દરીયો, વહાલ ભરતી દેખાય છે.
બદલાયેલ આ સમયમાં, કંઈક અણસારનો વર્તારો.
ભ્રૂણ હત્યાને દેશમાંથી, પ્રેમે આપો જાકારો
ભ્રૂણ હત્યાની વણઝાર, આમ જો ચાલુ રહેશે.
શોધવા જશે દિપક લઈને, તો ય કુંવારા રહેશે,
માનસપટ પર જુનો ગારો, દિકરી તો છે સાપનો ભારો.
કરો સાફ જુનો ગારો થશે દિકરી તુલસી કયારો,
ભ્રૂણ હત્યા કલંક મોટુ, દિલમાંથી ભગાવો,
ભારત તો છે ખુદ માતા એને સંસ્કૃતિથી વધાવો.

- પી. એન. ટાંક ''પ્રભુ'', અંજાર (કચ્છ)

વિઘ્નહર્તા અને તેના વાહન વચ્ચે થયેલી વાતચીતના અંશો વાંચો, મજા આવશે !

## ભાજપનો ગણેશોત્સવ : ગજાનન ચેતજો

તંત્રીશ્રી,

આ વર્ષે પણ ભાજપે ગણેશ ઉત્સવ ઉજવવાનું નક્કી કર્યુ છે. ગયા વર્ષે પણ કર્યુ 'તુ. પણ ગયા વર્ષે ઉત્સાહ વધારે હતો. આ વખતે વિધાનસભા અને જુનાગઢના ધબડકા બાદ થોડી કમ્મર વળી ગઈ છે. પણ બિચારાઓને ખબર નથી કે ધબડકાનું એક કારણ ગણપતિનો ગુસ્સો પણ છે. ગયા વર્ષે કિશાનપરા ચોકમાં ગણપતિ અને ઉંદરનો સંવાદ સાંભળ્યો હોત તો તેમને આ વર્ષે પોતાના ધબડકાની જાણ વહેલી થઈ જાત પણ એ વખતે તો આયોજકો ફોટા પડાવવામાં ભકતોની ભીડ એકઠી કરવામાં, પ્રેસનોટો લખાવામાં, રૂપાણી સાહેબને રીપોર્ટ આપવામાં, આ બધા કામોમાં ખૂદ પોતે જ દાદાના દર્શન કરવાનું ભુલી ગયા હતા. લો વાંચો ગયા વર્ષે 'દાદા (ગણપતિ) અને ઉંદર'વચ્ચે થયેલી વાતચીત.

દાદા : વાહ મૂષક વાહ ! આયોજકોએ મારી સ્થાપના માટે જગ્યા તો સરસ શોધી છે.બિચારાઓએ કેટલી જહેમત ઉઠાવી હશે !
મૂષક : દાદા ! તમે તો નાનપણથી જ ખૂબ ભોળા છો !
દાદા : કેમ વળી ?
મૂષક : એમણે વળી જહેમત શેની ઉઠાવાની ? અત્રે સરકાર એમની જ છે. ધારે ત્યાં તમારૂ સ્થાપન કરે એમને કોણ બોલવાનું ?
દાદ : પણ એમાં તને શું વાંધો છે ?
મૂષક : દાદા વાંધો મને નથી પણ સામે રેસકોર્સમાં નજર કરો. પેટીયુ રળવા આવતા ગરીબડા ચકરડીવાળા, ફજતવાળા, રમકડાવાળા, નાળીયેર વાળા, આ બધા પર તો તંત્ર તૂટી પડે છે. કારણ ? જગ્યા રોકાણ તો બરોબર એની સામે જ આપણું સ્થાપન કર્યુ છે, ત્યારે મજાલ છે કોઈની કે અહીંયા ફરકે ?
દાદા : એ વાત ખરી મૂષક નિયમ તો બધા માટે સરખો જ હોય.
મૂષક : દાદા, તમે આપણી સ્થાપના વખતની શોભાયાત્રામાં જોયું ? આખા રોડ પર ટ્રાફીક જામ કરી નાખ્યો. બાકી હતુ તે થોડીવાર યાત્રા ઉભી રાખીને ભાષણબાજી પણ કરી લીધી, ફોટા પડાવી લીધા અને સાંજના છાપામાં આવી જાય તે જોવાની કાર્યકરોને સૂચના પણ આપી દીધી. આમાં તમારી ભકિત કયાં આવી ?
દાદા : મુષકા હું તો અસ્વસ્થ થઈ ગયો... ઓહ સ્વાર્થી દુનિયા... આપણે વધુ ચર્ચા સાંજે આરતી સમયે કરીશું..
મૂષક : જેવી આજ્ઞા દાદા !

(આરતી સમયે)

મૂષકઃ દાદા, આરતીનો સમય થઈ ગયો
દાદાઃ સરસ, આ હાથમાં માઈક લઈને સફેદ કપડામાં ઉભેલ ભકત કોણ છે ?
મૂષકઃ દાદા, એ દેહનું નામ છે 'ધનસુખ ભંડેરી', હમણાં સુધી રાજકોટના મેયર હતા.
દાદાઃ વાહ, નિષ્ઠાવાન દેખાય છે.
મૂષકઃ દાદા, ફરી તમારૂ ભોળપણ ચાલુ કર્યુ ?
દાદાઃ કેમ ? કેમ? કેમ ?
મૂષકઃ આ બધાના વડાનું એક સૂત્ર છે, ''ખાતો નથી, ખાવો દેતો નથી'' એ જ રીતે ઘનસુખભાઈનું સુત્ર છે ''હું કોઈને નડવા દેતો નથી.''
દાદાઃ એટલે ?
મૂષકઃ એટલે એમ કે એ જયારે મેયર હતા ત્યારે ભાજપના દુષકૃત્યોમાં નડતા એક કમિશ્નર હતા. નામ એનું મુકેશકુમાર એ વખતે આ ભાઈએ પોતાના કાર્યકરોને એકઠા કર્યા. આ કાર્યકરો એટલે તમારા ગણેશ ઉત્સવના મુખ્ય આયોજકો અને બધાએ ભેગા થઈ ને મુકેશકુમારની ચેમ્બરમાં ઘુસીને જે લાફાવાળી ચાલુ કરી છે !!! બાપ રે !!!
દાદાઃ ઓહ ! હિંસા ? આ ભોળો દેખાતો માણસ હિંસક છે ?
મૂષકઃ અરે દાદા, જરા સામે નજર કરો, મેદાનમાં રમેશ પારેખ ઓપન થીએટર દેખાય છે ?
દાદાઃ હા, ઓ રહ્યું...
મૂષકઃ તે ધનસુખભાઈએ જ બંધાવ્યું છે અને ખર્ચ બતાવ્યો છે ચાર કરોડ !!!
દાદાઃ ચાર કરોડ !!! હોતા હશે !!!
મૂષકઃ દાદા, જેમ આમણે 'નડવા દેતો નથી'ના સૂત્ર નીચે મુકેશકુમારને ધોકાવ્યા એ જ રીતે મુકેશકુમારના પત્નીની ટ્રાન્સફર એવી જગ્યાએ કરાવી કે બંને એ વિરહમાં ઝુરવુ પડે.
દાદાઃ (વ્યથિત આંખો)
મૂષકઃ આ તો એક જ દાખલો છે, એવી જ રીતે આરતી કંવર નામના એકે સ્ત્રી કમિશ્નર હતા, જે ભૂલથી નાણામંત્રીને નડી ગયા, તેમને પણ આમણે...
દાદાઃ બસ...બસ... હું આગળ નહી સાંભળી શકુ વધુ કાલે...
મૂષકઃ દાદા, બે મીનીટ રોકાવ, કમિશ્નરને લાફાવાળી કરનાર સહકાર્યકરો હમણાં જ ગાડીમાંથી ઉતર્યા, એમની પણ ઓળખાણ કરાવી દઉ.
દાદાઃ ના બેટા, હમણાં હું અસ્વસ્થ છું. વધુ કાલે

(બીજો દિવસ)

મૂષકઃ દાદા, કેમ ખુશ છો ?
દાદાઃ વાહ... આજે તો જબરદસ્ત પ્રસાદ છે, પેલા બે ભકતો કેટલાક ભકિતભાવથી પ્રસાદ વહેંચી રહ્યા છે. હું તો ગદગદ છું.
મૂષકઃ દાદા, ફરી ભોળપણ ?
દાદાઃ કેમ ?
મૂષકઃ પછી કહેતા નહી કે હું અસ્વસ્થ થઈ ગયો. પુરૂ સાંભળવાના હો તો કહુ.
દાદાઃ બોલ, બોલ.
મૂષકઃ પ્રસાદ વહેંચતા જે દેખાય છે એ છે આ બધાના પ્રમુખ નીતીન ભારદ્વાજ અને સાથે ઉભેલા દેખાય છે એ દેહનું નામ છે ઉદય કાનગડ અત્યારે જે હાથ પ્રસાદી વહેંચતા દેખાય છે. એ જ હાથે તેમણે કમિશ્નરને લાફા મારેલા.
દાદાઃ એટલે ? એ હિંસામાં આ લોકો પણ સામેલ હતા ?
મૂષકઃ અરે આયોજન જ એમનું હતું.
દાદાઃ વારૂ, આજે મારી આરતી કોણ કરશે ?
મૂષકઃ સંધ્યાબેન વ્યાસ
દાદાઃ એ કોણ ?
મૂષકઃ એ હાલના મેયર છે
દાદાઃ વાહ, એક સ્ત્રી થઈને મેયર પદ સુધી પહોંચવું એ સિધ્ધિ ગણાય.
મૂષકઃ દાદા, એ સ્ત્રી છે એટલે જ મેયરપદ મળ્યું છે.
દાદાઃ એટલે ?
મૂષકઃ દાદા, આ ટર્મમાં મેયરપદ સ્ત્રીનું હતું. અને આમનાથી કહ્યાગીરી સ્ત્રી પક્ષમાં ન હોવાથી એમને બેસાડી દીધા છે. પણ એને ખાસ સુચના છે કે 'ભંભા' પીવડાવે એટલું જ પાણી પીવાનું વધારે કશુ બોલવાનું કરવાનું કે બાફવાનું નહીં.
દાદાઃ આ ભં.ભા. એટલે ?
મૂષકઃ ભંડેરી અને ભારદ્વાજ ! પેલા લાફાવાળા ભકતો !
દાદાઃ ઓહા, હું તો આ બધી ગૂંચવણ સમજવા અસમર્થ છું. અરે ! બહાર આ કોણ આવ્યું ? આખું ટોળુ ત્યાં જતુ રહ્યું ?
મૂષક : દાદા, એ દેહનું નામ છે વિજય રૂપાણી ! અહીં ઉભેલુ આખુ ટોળુ એમનું ભકત છે એટલે જ તો એમણે ભકતોને સારા-સારા પદ અપાવ્યા છે. પણ એક વાત છે. આ માણસ (વિ.રૂ.) ની ભકિતમાં જોરાદર માસ્ટરી છે ઉપરવાળાની (ભગવાન નહીં, હાઈકમાન્ડ !) ની ભકિત કરીને આગળ આવેલો માણસ છે. સંબંધો બનાવવામાં જાળવવામાં, ભકિત કરવામાં અને ભકતો ઉભા કરવામાં એની માસ્ટરી છે અને આટલા દિવસ દરમિયાન મે તમને જેટલા 'ભકતો'ની ઓળખાણ કરાવી અને તેમના 'કાર્યો'નું વર્ણન કર્યુ તે તમામમાં દોરી સંચાર આમનો જ હતો.
દાદાઃ પણ સાથે આ માણસ પ્રજાનુ કામ પણ કરતો હશે ને ?
મૂષકઃ કેમ નહી ? કાદર સલોત નામના એક ભકતને છોડાવવા ખૂદ પોતે પોલીસ સ્ટેશન ગયા'તા.
દાદાઃ પણ કાદર નિર્દોષ હશે ને ?
મૂષકઃ દાદા, ફરી ભોળપણ ?
દાદાઃ બસ ! બસ ! હું થાકયો, આ કૂટનીતી સમજવામાં હું તો નાનો પડું.
મૂષકઃ દાદા, હવે બાકી બધુ ભૂલી અને અહીંયા તમારા દર્શન કરવા આવતા સામાન્ય નગરજનોની ભકિતમાં મશગુલ થઈ જાય અને તેમને આશિર્વાદ આપો. લો નગરજનો આવવા પણ માંડયા.
ભકત (સાચો) : દાદા ! રાજકોટમાં શાંતિથી જીવી શકીએ એવા આશિર્વાદ આપો, કિન્નાખોરો અને ભ્રષ્ટાચારીઓને અમારાથી દૂર રાખો. જય દાદા
દાદાઃ તથાસ્તુ..... !!!

દાદાએ તથાસ્તુ કહ્યું, મતબલ કે ભકતે જે માગ્યું તે આપ્યું, ભકતની ઈચ્છા પુરી થશે એની એ ઈચ્છા પુરી થવામાં જ લોકસભાની ચૂંટણીમાં કિરણ પટેલ ડુબ્યા, જુનાગઢમાં પણ ધબડકો થયો.

હવે આ વર્ષે જોઈએ શું થાય છે, દાદાનું સ્થાપન થાય એટલી વાર છે. મૂષકે આખા વર્ષના લેખા-જોખા તૈયાર રાખ્યા છે. એના ચોપડામાં અન્યાયી પાણીકાપ, ઓવરબ્રીજના ભવાડા, ટ્રી ગાર્ડ, ઢોરોના ત્રાસ, બિસ્માર રસ્તા, કુતરાઓનો ત્રાસ, સ્વીમીંગપુલ વગેરે તૈયાર જ છે. વધુમાં આ વખતે મૂષક દાદાને ખાલી કોર્પોરેશનના ત્રણેય ઝોનનું ચક્કર લગાવડાવશે તો પણ દાદા આખી પરિસ્થિતિ પામી જશે. કે કેવો ઢોરવાડો છે. કેવો ભ્રષ્ટાચાર ચાલે છે, કેવી ડાઘીયાઓની ફોજ છે અને નગરજનોએ જે માંગવું હોય એ માંગી લેજો. દાદા તથાસ્તુ કહી દેશે.

- વિરેન કચ્છી

**મેળામાં હરજો-ફરજો ચકરડી ફેરવજો...પણ કોઇની પથારી ન ફેરવતા!**